**This guidance was withdrawn on 1 April 2022**

The information in this guidance has been superseded by Infection prevention and control in adult social care: COVID-19 supplement.

Department of Health & Social Care

# કોવિડ-19નો પ્રતિસાદ આપવો

## એડલ્ટ સોશિયલ કેર (પુખ્ત વયનામ લોકોની સામાજિક સંભાળ) માટે નૈતિકતાનું ફ્રેમવર્ક

12/03/2020

# અનુક્રમણિકા

પરિચય ........ 2

આ ફ્રેમવર્કનો ઉપયોગ કેવી રીતે કરવો ........ 3

મૂલ્યો અને સિદ્ધાંતો ........ 4

1 સન્માન ........ 4

2 વાજબીપણું ........ 5

3. નુક્સાન બને તેટલું ઓછું કરવું ........ 5

4. સમાવિષ્ટપણું ........ 6

5. ઉત્તરદાયિત્વપણું ........ 7

6. અનુકૂળતા મુજબ ફેરફારો ........ 7

7. પ્રમાણસરતા ........ 8

8. સમાજ ........ 9

# પરિચય

હાલના નવા કોરોનાવાઈરસ (કોવિડ-19) રોગચાળાનો ફેલાવો, જે ડિસેમ્બર 2019માં ફાટી નીકળ્યો હતો, તેની યુ.કે. ભરમાં આરોગ્ય અને સંભાળની સેવાઓ ઉપર ઘણી મોટી અસરો પડશે. તારીખ 3 માર્ચ 2020ના રોજ પ્રકાશિત કરવામાં આવેલ કોરોનાવાઈરસ એક્શન પ્લાન માં જણાવ્યા મુજબ, યુકેની આરોગ્ય અને સંભાળની સેવાઓની પદ્ધતિઓએ ઘણાં વર્ષોથી મહામારી માટે વિસ્તૃત આયોજન કરેલું છે અને તેઓ જાહેર જનતાને નોંધપાત્ર પ્રમાણમાં સુરક્ષા પૂરી પાડવા માટે સુસજ્જ છે. અલબત્ત, કોવિડ-19નો ચોક્કસ રીતે કેવો પ્રતિસાદ આપવો તે, જેમ આના વિશેની અમારી સમજણ વધતી જશે તેમ, તેનો ભય કેવા પ્રકારનો, કેટલા પ્રમાણમાં અને કયા સ્થળે છે તે અનુસાર ચોક્કસ રીતે બનાવવામાં આવશે.

લોકલ ઓથોરિટીઓ તેમજ આરોગ્ય અને સંભાળના વિસ્તૃત કાર્યદળે દરરોજે મુશ્કેલ નિર્ણયોનો સામનો કરવો પડે છે, પરંતુ કોવિડ-19 જેમ આગળ વધતો જાય તેમ તેની સામે આયોજન કરવામાં તેમજ તેનો પ્રતિસાદ આપવામાં મર્યાદિત સમય, સંસાધનો કે માહિતી સાથે બેશકપણે નવા અને અપવાદરૂપ દબાણો હેઠળ મુશ્કેલ નિર્ણયો લેવા જરૂરી બને છે. આ નિર્ણયો અંગત, આપણાં કુટુંબો, કેરરો અને સમાજને લગતા હોઈ શકે, અથવા તેની આપણી આરોગ્ય અને સંભાળની સેવાઓની ગોઠવણ તેમજ તે પૂરી પાડવા ઉપર વ્યાપક અસરો પડી શકે. નિર્ણયો કાયદા અનુસાર તેમજ તે સમયે જારી કરવામાં આવેલી અને લાગુ પાડેલી અધિકૃત માર્ગદર્શિકા અનુસાર, અને કાયદેસર ફરજો તેમજ વ્યવસાયિક જવાબદારીઓ પૂરી કરીને લેવા જરૂરી બનશે.

આ ફ્રેમવર્ક પ્રતિસાદના સતત ચાલુ આયોજન અને નિર્ણયો લેવાની પ્રક્રિયાને ટેકો આપવાનો ઈરાદો ધરાવે છે, જેથી પુખ્ત વયનાં લોકો માટે સામાજિક સંભાળની ગોઠવણ કરતી વખતે અને તે પૂરી પાડતી વખતે શ્રેણીબદ્ધ નૈતિક મૂલ્યો અને સિદ્ધાંતોને પૂરતા પ્રમાણમાં ધ્યાનમાં રાખવામાં આવતા હોવાની ખાતરી કરી શકાય. વધતાં દબાણો તેમજ અપેક્ષિત માંગને ઓળખવાથી, જ્યાં સંસાધનોની સૌથી વધારે જરૂરત હોય ત્યાં તેમને કેવી રીતે વાળવા તે અંગેના અને વ્યક્તિગત સંભાળની જરૂરતોને અગ્રતા આપવાના પડકારાત્મક નિર્ણયો લેવાનું કદાચ જરૂરી બને. આ ફ્રેમવર્ક તે પ્રકારના નિર્ણયો લેવા માટેના માર્ગદર્શન તરીકે કામ આપવાનો, અને જો કોઈ પણ પ્રકારનું સંભવિત નુક્સાન થઈ શકે તેમ હોય તો તેનો વિચાર કરવાનું તેમજ તમામ વ્યક્તિઓની જરૂરતો હંમેશાં નિર્ણય લેવાની પ્રક્રિયાના કેન્દ્ર સ્થાને રહે તે ધ્યાનમાં રાખવાનું બળવત્તર બનાવવાનો ઈરાદો ધરાવે છે. તમામ વ્યક્તિઓ, તેમનું કુટુંબીજનો તેમજ કેરરો અને સમાજો પ્રતિ અને જેમના ઉપર આપણી સેવાઓ અને લક્ષ્યાંકો પૂરાં કરવાની ખાતરી કરવાનો આધાર રાખીશું તે વ્યવસાયિકો અને સ્વયંસેવકો પ્રતિ પણ એક સમાન કાળજી અને સન્માન રાખવામાં આવવું જોઈએ.

મહામારીની સમગ્ર સમાજને એક સાથે અસર થઈ છે, ત્યારે દરેક જણે વર્તમાન અને ભાવિ પ્રતિસાદોમાં ટેકો આપવા માટે તેમની પોતાની ભૂમિકા ભજવવાની રહેશે. સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે વ્યવસાયિકો, સંસ્થાઓ તેમજ જાહેર સંસ્થાઓ એકસાથે મળીને કામ કરે અને રાષ્ટ્રીય, પ્રાંતિય તેમજ સ્થાનિક સ્તરે પ્રવૃત્તિઓનું આયોજન અને પ્રતિસાદ સારી રીતે સુસંગત કરાયેલ હોય તે અત્યંત અગત્યનું છે. જે નિર્ણયો લેવામાં આવ્યા છે તેની અને તે પાછળનાં સમર્થનોની યોગ્ય નોંધો રાખવામાં આવવી જ જોઈએ, જેથી તેની જવાબદારીની તેમજ આ મહામારીના વર્તમાન સમય તેમજ તેમ જે આગળ વધતી જાય તે સમય દરમ્યાન બીજાં લોકો સાથે તેમાંથી શીખવા મળેલી બાબતોની આપ-લે કરવાની ખાતરી કરી શકાય.

આ દસ્તાવેજ નૈતિક ફ્રેમવર્કમાંથી સુધારા કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સૌથી પહેલાં 2007માં કમિટિ ઓન ઍથિકલ આસ્પેક્ટ્સ ઓફ પેનડૅમિક ઈન્ફ્લુએન્ઝા તૈયાર કરવામાં આવ્યો હતો, જેને બાદમાં 2017માં ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સોશિયલ કેર દ્વારા સમીક્ષા કરીને સુધારવામાં આવ્યો હતો.

# આ ફ્રેમવર્કનો ઉપયોગ કેવી રીતે કરવો

કોવિડ-19 દરમ્યાન અને તે જેમ આગળ વધતો જાય તેમ પુખ્ત વયનાં લોકો માટેની સામાજિક સંભાળના આયોજન અને ગોઠવણના પ્રતિસાદમાં ટેકો આપવા માટે, આ ફ્રેમવર્ક સ્થાનિક, પ્રાંતિય તેમજ રાષ્ટ્રીય સ્તરે આયોજકો અને વ્યૂહરચાનત્મક નીતિ બનાવનારાં પ્રતિ લક્ષિત છે. આરોગ્ય અને સામાજિક સંભાળના કાર્યદળમાં તેમની પોતાની વ્યવસાયિક આચારસંહિતાઓ અને નિયમનો અનુસાર નીતિઓ વિકસાવી રહેલાં અને મહામારીનો પ્રતિસાદ આપી રહેલાં વ્યવસાયિકો તેમજ અન્ય કાર્યકરોના કામમાં ટેકો આપવાનો પણ તેનો ઉદ્દેશ છે. આ સિદ્ધાંતો સામાજિક સંભાળના ક્ષેત્રમાં વધુ વિસ્તૃતરૂપે પણ લાગુ પાડી શકાય છે.

સામાજિક સંભાળની સેવા સ્થાનિક દોરવણી હેઠળ ચલાવવામાં આવતી અને પૂરી પાડવામાં આવતી સેવા છે જે વ્યક્તિઓ તેમજ તેમનાં કુટુંબો, સમાજો અને સંસ્કૃતિઓની ઊંડી સમજણ ઉપર બનાવવામાં આવી છે. સોશિયલ વર્કરો, ઓક્યુપેશનલ થેરપિસ્ટો અને નર્સો મુખ્ય વ્યવસાયિકોનું જૂથ બનાવે છે અને તેમની પોતાની વ્યવસાયિક આચારસંહિતાઓ અને માર્ગદર્શિકાઓ પ્રતિ તેમની સ્પષ્ટ જવાબદારીઓ અને ઉત્તરદાયિત્વ હોય છે. આ ફ્રેમવર્ક લાગુ પાડવામાં અને સમજવામાં આવે છે તેની ખાતરી કરવામાં સ્થાનિક વ્યવસાયિક આગેવાનો, જેમ કે પ્રિન્સિપલ સોશિયલ વર્કરો અને પ્રિન્સિપલ ઓક્યુપેશનલ થેરપિસ્ટો મુખ્ય સ્થાને રહેશે. તે રીતે, આ વ્યવસાયિકોની કુશળતાઓને સ્થાનિક રીતે સંમતિ કરાયેલ પ્રક્રિયા વિકસાવવા અને તેની સમીક્ષા કરવામાં મદદ માટે વાપરવામાં આવવી જોઈએ.

અલબત્ત, નૈતિક વિચારણાઓ કરવાની સાથે સાથે દરેક નિર્ણય પાછળ વ્યક્તિની પોતાની સુખાકારી, એકંદર જનતાની ભલાઈ તેમજ ઉપલબ્ધ સંસાધનો ઉપર પણ વિચાર કરવાની જરૂર પડશે. નિર્ણયો લેવાની પ્રક્રિયાના માર્ગદર્શનની શરૂઆત તરીકે મૂલ્યો અને સિદ્ધાંતોએ કામ આપવું જોઈએ, જેને આગેવાન વ્યવસાયિકોનાં મંતવ્યો, તાલીમો તેમજ સંસ્થાઓ વચ્ચેના સહકાર્ય, તેમજ દરેક વ્યક્તિના સંજોગ ઉપર ઉપલબ્ધ માહિતીના પ્રમાણ દ્વારા ટેકો મળવો જોઈએ. નૈતિક મૂલ્યો અને સિદ્ધાંતો, સામાજિક સંભાળની જરૂરતમાં રહેલાં જે લોકો ખૂબ વધારે પ્રમાણમાં અરક્ષિત હોય, જેમને કદાચ સામાજિક સંભાળની જરૂરત પડી શકે તેમ હોય, તેમના માટે અને કોવિડ-19 દરમ્યાન તેમજ તે જેમ આગળ વિકસતો જાય તેમ સંભાળ અને સહાય પૂરી પાડતી વખતે તેમજ મુશ્કેલ નિર્ણયો લેતી વેળાએ જે આરોગ્ય અને સામાજિક સંભાળના કાર્યદળને નવાં અને અનઅપેક્ષિત દબાણોનો સામનો કરવો પડે તેમના માટે તે સમાન રીતે સંબંધિત છે.

નૈતિક વિચારોને ધ્યાનમાં રાખવામાં આવે છે તેની ખાતરી કરવા માટે ફ્રેમવર્કનો એક તપાસયાદી તરીકે ઉપયોગ કરવાનું કદાચ મદદરૂપ નીવડે, જો કે, આ દસ્તાવેજમાં વર્ણવવામાં આવેલાં મૂલ્યો અને સિદ્ધાંતો સંપૂર્ણ નથી. તાત્કાલિક અને અનિશ્ચિત સંજોગોમાં નૈતિક મૂલ્યો અને સિદ્ધાંતોનો અમલ કરતી વખતે, તમને કદાચ તેમની વચ્ચે તણાવનો અનુભવ થાય, જેના માટે તે દરેક ચોક્કસ નિર્ણય લેવાના સંદર્ભમાં તે અમુક ચોક્કસ મૂલ્ય કે સિદ્ધાંત કેટલા પ્રમાણમાં લાગુ પાડી શકાય તેમ છે તે માટે વિવેકબુદ્ધિ વાપરવાની જરૂર પડશે. તમામ સંજોગોમાં, સન્માન અને વાજબીપણું પાયાના, મૂળભૂત સિદ્ધાંતો તરીકે વાપરવામાં આવવા જોઈએ, જે આયોજનમાં માર્ગદર્શન આપે અને વિવેકબુદ્ધિપૂર્વકના નિર્ણયોને સમર્થન આપે.

# મૂલ્યો અને સિદ્ધાંતો

આ વિભાગમાં દરેક નૈતિક મૂલ્ય અને સિદ્ધાંત તેમજ તે લાગુ પાડવાનું ધ્યાનમાં લેતી વખતે લેવાનાં તેની સાથે સંલગ્ન પગલાં તેમજ સર્વોત્તમ કાર્યવ્યવહાર જણાવે છે. આને વ્યવસાયિક આચારસંહિતાઓની સાથે અને આ ક્યાં તેમજ કેવી રીતે લાગુ પડે તે માટેની અદ્યતન અધિકૃત માર્ગદર્શન અને કાયદાની સાથે ધ્યાનમાં લેવા જોઈએ. સિદ્ધાંતોને સંદર્ભની સહેલાઈ માટે ક્રમમાં મૂકવામાં આવેલા છે, પરંતુ તે તેની અગત્યતા કે સંપૂર્ણતાના ક્રમમાં મૂકેલા નથી - સાચા કે સૌથી વધારે નૈતિક નિર્ણયો લેવા માટેના કોઈ સંપૂર્ણ સચોટ જવાબો નથી.

જ્યાં સંસાધનો મર્યાદિત હોય અને માંગ વધી ગઈ હોય, ત્યાં બધા જ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવાનું કે તેની નીચેનાં પગલાં લેવાનું વ્યવહારૂ રીતે શક્ય ન પણ બને. દરેક સિદ્ધાંત ઉપર દરેક સંજોગના સંદર્ભમાં જેટલી શક્યતા હોય તે પ્રમાણમાં, જોખમોના અનુરૂપ સંચાલન સાથે તેમજ વ્યક્તિગત સ્વાસ્થ્ય, એકંદર જનતાની ભલાઈ અને ઉપલબ્ધ માહિતી તેમજ સંસાધનોને ધ્યાનમાં રાખીને વિચાર કરવો જોઈએ.

## 1 સન્માન

આ સિદ્ધાંતની વ્યાખ્યામાં, દરેક વ્યક્તિ અને તેમના માનવીય અધિકારો, અંગત પસંદગીઓ, સુરક્ષા અને સન્માન અગત્યનાં હોવાનું ઓળખવામાં આવે છે.

લોકો સાથે માનપૂર્વક વ્યવહાર કરવામાં આવતો હોવાની ખાતરી કરવા માટે, નિર્ણયો લેનારાંએઃ

- લોકોને તેમની સંભાળ, સહાય અને સારવારને અસર કરતી બાબતો ઉપર તેમનાં મંતવ્યો વ્યક્ત કરવાની તક પૂરી પાડવી જોઈએ

- શક્ય હોય ત્યાં સુધી લોકોની અંગત પસંદગીઓનું માન જાળવવું જોઈએ, સાથે સાથે વર્તમાન અને ભવિષ્ય પર તેની અસરોનો વિચાર કરીને તે વિશે તેમની સાથે વાતચીત કરવી જોઈએ

- કોઈ પણ સંજોગોમાં શું બની રહ્યું છે અથવા શું બનવાની અપેક્ષા છે તે વિશે લોકોને શક્ય તેટલાં માહિતગાર રાખવાં જોઈએ

- જ્યાં વ્યક્તિની પોતાની ક્ષમતા ન હોય (મેન્ટલ કેપેસિટી એક્ટમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ), ત્યાં ખાતરી કરવી જોઈએ કે વ્યક્તિના સર્વોત્તમ હિત અને સહાયની જરૂરતોને તેમના માટે જવાબદાર લોકો દ્વારા ધ્યાનમાં લેવામાં આવતી હોય અથવા તેમના વતી નક્કી કરવા માટે લાગતી વળગતી કાનૂની સત્તા રાખવામાં આવી હોય

- ઉપલબ્ધ સંસાધનોને અધીન રહીને, લોકો જે માટે હકદાર હોય તે મેળવવામાં તેમને ટેકો આપવાનો પ્રયત્ન કરવો, અગ્રતા આપવા અંગે લેવામાં આવતા કોઈ પણ નિર્ણયો પાછળ ન્યાયી વાજબીપણું અને સ્પષ્ટ ખુલાસા હોવાની ખાતરી કરવી જોઈએ

## 2 વાજબીપણું

આ સિદ્ધાંતની વ્યાખ્યા, નિર્ણયો તર્કસંગત, ન્યાયી, વ્યવહારૂ તેમજ યોગ્ય કાર્યવાહી, ઉપલબ્ધ પુરાવા અને સ્પષ્ટ ખુલાસાઓ પર આધારિત હોવાની ખાતરી કરવામાં આવે તેના અનુસંધાનમાં કરવામાં આવી છે.

કોઈ નિર્ણય કેટલો વાજબી છે તેનો વિચાર કરતી વખતે, નિર્ણયો લેનારાંએઃ

- ખાતરી કરવી જોઈએ કે લેવામાં આવેલો નિર્ણય કામ કરશે તેવી વાજબી સંભાવનાઓ સાથેનો તે વ્યવહારૂ નિર્ણય હોય
- તે સમયે ઉપલબ્ધ પુરાવા અને માહિતીના આધારે, જાણીતાં જોખમો અને લાભોનો અનુભવ થઈ શકે તેમ હોય તે વિશે સભાન રહીને નિર્ણયો લેવા જોઈએ
- સંસ્કૃતિઓ અને સમાજોનાં વિભિન્ન મંતવ્યો પ્રતિ સભાન રહીને, બીજા વિકલ્પો અને વિચારના માર્ગોને ધ્યાનમાં લેવા જોઈએ
- સ્પષ્ટ, ન્યાયી નિર્ણય લેવાની પ્રક્રિયાનો ઉપયોગ કરવો જોઈએ, જે તે સમય માટે અને જે સંદર્ભમાં નિર્ણય લેવો પડે તેમ હોય તેના માટે યોગ્ય હોય અને તેમાં આપવામાં આવતાં યોગદાનો ગંભીરતાથી વિચારી શકાય તેમ હોય

આ સિદ્ધાંતને લાગતાવળગતા સમાનતા-સંબંધિત કાનૂની અને નીતિ વિષયક ફ્રેમવર્કોની સાથે ધ્યાનમાં લેવો જોઈએ. સંસાધનોમાં કદાચ ખેંચાણ અનુભવાય એવું બની શકે, પરંતુ સરખામણીમાં જે લોકોની એકસરખી હોય તેમની પણ તે જરૂરતો પૂરી કરવાની સમાન તકો મળવી જોઈએ તે બાબતને સમર્થન મળવું જોઈએ.

## 3. નુક્સાન બને તેટલું ઓછું કરવું

આ સિદ્ધાંતની વ્યાખ્યામાં, આ મહામારીથી વ્યક્તિગત લોકો અને સમાજોને જે શારીરિક, માનસિક, સામાજિક તેમજ આર્થિક નુક્સાન થઈ શકે તેમ હોય તે ઘટાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. બદલામાં, તેમાં એ ખાતરી કરવામાં આવે છે કે વ્યક્તિગત સંસ્થાઓ અને સમાજ એકત્રપણે તેમની સર્વોત્તમ ક્ષમતા અનુસાર તેને પહોંચી વળે અને તેમાંથી બેઠાં થાય.

જવાબદાર લોકો એ બાબતનો પ્રયત્ન કરે તે જરૂરી છે, કેઃ

- ફેલાવો બને તેટલો ઓછો કરવામાં દરેક જણે ભૂમિકા ભજવવાની છે તે સ્વીકારે અને તેને લગતો સંદેશાવ્યવહાર કરે - દાખલા તરીકે ચોક્સાઈપૂર્વક હાથ ધોવા અથવા સામાજિક અંતર રાખવાનો મહાવરો કરીને
- કોઈ બીમાર હોય તો તે વખતે જટિલતાઓનું જોખમ બને તેટલું ઓછું કરવું
- સમાજો અને સંસ્થાઓની અંદર નિયમિત અને સચોટ અદ્યતન માહિતી પૂરી પાડવી

- કોવિડ-19 વિશેની સમજણ જેમ વધતી જાય તેમ આ મહામારીનો ઈલાજ કરવા અને તેનો પ્રતિસાદ આપવાના સર્વોત્તમ રસ્તા વિશે સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક અનુભવોમાંથી શીખવા મળેલી બાબતો એકબીજાંને વહેંચવી
- કેર વર્કરો તેમજ સ્વયંસેવકોને માહિતીપૂર્ણ નિર્ણયો લેવા સક્ષમ બનાવવાં જે અરક્ષિત લોકોને ટેકો આપે.

## 4. સમાવિષ્ટપણું

આ સિદ્ધાંતની વ્યાખ્યામાં, લોકોને પરિસ્થિતિઓ સમજવા માટેની ન્યાયી તક આપવામાં આવે છે, તેમને અસર કરતા નિર્ણયો લેવામાં અને તેમનાં મંતવ્યો અને મુશ્કેલીઓ જણાવવામાં તેમનો સમાવેશ કરવામાં આવે છે તેની ખાતરી કરવામાં આવી છે. તેના બદલામાં, નિર્ણયો તેમજ પગલાંનું લક્ષ્ય અસમાનતાઓ બને તેટલી ઓછી કરવાનું હોવું જોઈએ.

બને તેટલી હદ સુધી સમાવિષ્ટતાની ખાતરી કરવા માટે નિર્ણયો લેનારાંએઃ

- લોકોને, તેમની સંભાળ અને સારવારને અને તેમના સમાજોને અસર કરતાં હોય તેવાં આયોજનના પાસાંમાં તેમનો સમાવેશ કરવો જોઈએ
- કુટુંબો અને કેરરોને તેમજ તેઓ જેમની સંભાળ રાખતાં હોય તે વ્યક્તિને અસર કરતા આયોજનનાં પાસાંમાં તેમનો સમાવેશ કરવો જોઈએ
- સામેલ થવામાંથી કોઈ પણ વ્યક્તિને કે જૂથને બાકાત રાખવામાં આવે તેની ખાતરી કરવી જોઈએ
- અમુક ચોક્કસ લોકો કે જૂથો ઉપર કોઈ નિર્ણયની અપ્રમાણસર અસરોને ધ્યાનમાં રાખવી જોઈએ
- વિભિન્ન લોકો અને સમાજો સુધી પહોંચવા માટે જરૂરી હોય તેવી વાતચીતની શ્રેણીબદ્ધ પદ્ધતિઓનો અને સ્વરૂપોનો ઉપયોગ કરીને સામેલ થયેલાં તમામ લોકો સાથે યોગ્ય સંદેશાવ્યવહાર કરવો જોઈએ
- જ્યારે કોઈ વ્યક્તિ કે જૂથને બીજાં કરતાં જુદી રીતે સારવાર આપવાનો નિર્ણય લેવામાં આવે, ત્યારે તે બાબતે પારદર્શક રહેવું જોઈએ અને તે માટેનો સ્પષ્ટ ખુલાસો હોવો જોઈએ, જે બતાવે કે તેમ કરવાનું શા માટે ન્યાયી છે

જ્યારે યોગ્ય હોય ત્યારે, ઉપરોક્ત બાબતને લાગતા વળગતા સમાનતા સંબંધિત કાનૂની અને નીતિ વિષયક માળખાની સાથે વિચારમાં લેવી જોઈએ, જેનાથી જેમ મહામારી આગળ વધતી જાય તેમ જેમને ગેરફાયદો થયો હોય કે થઈ શકે તેમ હોય તે લોકો માટે સેવા વાપરવા સામેના અમુક ચોક્કસ અંતરાયો બને તેટલા ઓછા કરવામાં આવ્યા હોવાની ખાતરી કરીને સમાવિષ્ટપણે નિર્ણય લેવાની પ્રક્રિયાને માહિતી મળશે.

# 5. ઉત્તરદાયિત્વપણું

આ સિદ્ધાંતની વ્યાખ્યા, કયા નિર્ણયો અને તે કેવી રીતે લેવામાં આવે છે તે પ્રતિ લોકોને, અને આપણને જવાબદાર ઠેરવે છે. બદલામાં, આના માટે શા માટે નિર્ણયો લેવામાં આવ્યા છે અને તે લેવા માટે તેમજ તેના વિશે સંદેશાવ્યવહાર કરવા માટે કોણ જવાબદાર છે તે વિશે પારદર્શક રહેવું જરૂરી છે.

આના માટે જવાબદાર લોકોએ તેમના નિર્ણયો તેમજ પગલાં માટેનું ઉત્તરદાયિત્વ આ રીતે લેવું જ પડે છેઃ

- વ્યક્તિગત લોકો, તેમનાં કુટુંબો અને કેરરો તેમજ કર્મચારીઓ પ્રતિ તેમની જવાબદારીઓ અને ફરજો માટે લેવાં જરૂરી પગલાં ઉપર કાર્ય કરીને અને તે પૂરાં પાડીને
- તે સમયના અધિકૃત માર્ગદર્શન, કાનૂની ફરજો અને વ્યવસાયિક નિયમનોને વળગી રહીને
- કેવી રીતે અને કયા નિર્ણયો લેવા જરૂરી છે અને કયા આધાર પર તે વિશે પારદર્શક રહીને
- કયા નિર્ણયો લેવામાં આવ્યા છે અને શા માટે તેનો ખુલાસો આપવા માટે તૈયાર રહીને, યોગ્ય નોંધો રાખવામાં આવતી હોવાની ખાતરી કરીને
- બીજાંને તેમના નિર્ણયો અને પગલાં માટેની જવાબદારીઓ લેવામાં ટેકો આપીને

સંસ્થાઓની અંદર, આમાં નીચેની બાબતોનો પણ સમાવેશ થશેઃ

- વ્યવસાયિક ભૂમિકાઓ અને જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખીને, સિવાય કે તેમ નહિ કરવાનું વાજબી જણાતું હોય તો
- એવું વાતાવરણ પૂરું પાડવું જેમાં કર્મચારીઓ સલામતીપૂર્વક કાર્યક્ષમતાથી અને સહકાર્યથી કામ કરી શકે, અને મહામારી જેમ આગળ વધે તેમ તેમના આરોગ્ય અને સ્વાસ્થ્યનું રક્ષણ થાય.
- જે કર્મચારીઓને કદાચ તેમના પોતાના ક્ષેત્રના સામાન્ય નિષ્ણાત કામ સિવાયના વિષય ઉપર કામ કરવાનું કહેવામાં આવતું હોય તેમને અથવા જેઓ તેમની રોજિંદી પ્રવૃત્તિઓ ન કરી શકતાં હોય તેમને યોગ્ય માર્ગદર્શન અને ટેકો પૂરો પાડવો
- મહામારી દરમ્યાન અને તે પછીના પ્રત્યાઘાતના સમય દરમ્યાન નૈતિક મુશ્કેલીઓને પહોંચી વળવા માટે સ્થાનિક રીતે નક્કી કરાયેલ કાર્યવાહીઓ અમલમાં મૂકવી

# 6. અનુકૂળતા મુજબ ફેરફારો

આ સિદ્ધાંતની વ્યાખ્યા, બદલાયેલા કે નવા સંજોગોનો સામનો કરવો પડે ત્યારે પ્રતિસાદાત્મક, સક્ષમ અને બદલાવ લાવવા તૈયાર રહેવાના અનુસંધાનમાં કરવામાં આવી છે. ઝડપી અને સહકારપૂર્વક કાર્ય કરવામાં સરળતા કરી આપવા માટે આરોગ્ય અને સંભાળના ક્ષેત્રના કાર્યદળ તેમજ વ્યાપક ક્ષેત્રમાં આ સિદ્ધાંત લાગુ પાડવામાં આવે તે અત્યંત અગત્યનું છે.

અનુકૂળતા મુજબ ફેરફારો કરવાની ખાતરી કરવા માટે, નિર્ણયો લેનારાંએ આ બાબતે તૈયાર રહેવું જોઈએઃ

- જ્યારે કોઈ ફેરફારો થાય ત્યારે તેનો પ્રતિસાદ આપવા અને તે મુજબના ફેરફારો કરવા - દાખલા તરીકે, કોઈ નવી માહિતી બહાર આવે અથવા માંગના પ્રમાણમાં ફેરફાર થાય
- આયોજનો અને નીતિમાં બદલાવ માટેની તેમજ તેમાં નવીનતા લાવવા માટેની જગ્યા હોવાની ખાતરી કરવી
- લોકોને અસર કરતા નિર્ણયોને તેઓ ઉપલબ્ધ સમયની અંદર પડકારી શકે તે માટે તેમને બને તેટલી તક આપવી
- તમામ તાલીમો અને સંસ્થાઓની અંદર સહકારપૂર્વક કામ કરવા માટે આરોગ્ય અને સંભાળના ક્ષેત્રના કાર્યદળને બને તેટલી ઝડપથી અને મજબૂતાઈથી ટેકો આપવામાં આવે તેની ખાતરી કરવી
- સંસ્થાકીય કાર્યપદ્ધતિઓ, પ્રમાણભૂત અભિગમો તેમ કરારબદ્ધ ગોઠવણો કે જે આ મહત્ત્વાકાંક્ષામાં બાધારૂપ બની શકે તેમ હોય તેમના ઉપર પુનઃવિચારણા કરવી

## 7. પ્રમાણસરતા

આ સિદ્ધાંતની વ્યાખ્યા, લોકો, સમાજો અને કર્મચારીઓની જરૂરતો અને સમર્થતાઓ અનુસાર, અને નિર્ણયો લેવાની પ્રક્રિયા દ્વારા ઓળખવામાં આવેલા લાભો અને જોખમો અનુસાર પ્રમાણસર હોય તે મુજબ ટેકો પૂરો પાડવા તરીકે કરવામાં આવે છે.

પ્રમાણસરતાને ધ્યાનમાં લેતી વખતે, જવાબદાર લોકોએઃ

- સંભાળ અને સહાયની જરૂરતવાળાં લોકોને શક્ય તેટલી હદ સુધી સહાય પૂરી પાડવી જોઈએ
- કાનૂની કે ખાસ જવાબદારીઓ ઉપર પગલાં લેવાં જોઈએ, સાથે સાથે મહામારી જેમ વધારે ફેલાતી જાય તેમ જો કોઈ ફરજોમાં ફેરફારો થયા હોય તો તેની પણ નોંધ લેવી જોઈએ
- બીજાં લોકોની સંભાળ રાખવાની જેમના પર વધારાની કે નવી જવાબદારીઓ હોય તેમને ટેકો પૂરો પાડવો જોઈએ
- જે લોકોને વધારે જોખમો લેવાનું કહેવામાં આવ્યું હોય કે જેમણે વધારાના બોજાનો સામનો કરવો પડતો હોય, તેમને ટેકો પૂરો પાડવો અને સાથે તે બને તેટલું ઓછું કરવાનો પ્રયાસ કરવો
- જે કર્મચારીઓ અનઅપેક્ષિત કે નવાં દબાણોનો અનુભવ કરી રહ્યાં હોય તેમને યોગ્ય ટેકો અને સંદેશાવ્યવહાર પૂરાં પાડવાં

# 8. સમાજ

આ સિદ્ધાંતની વ્યાખ્યા, એકબીજાંને ટેકો આપીને અને આપણી સર્વોત્તમ ક્ષમતા મુજબ આપણાં સમાજોને સશક્ત બનાવીને આ મહામારીમાંથી સાથે મળીને બહાર નીકળવાની કટીબદ્ધતા તરીકે કરવામાં આવી છે.

સંકળાયેલ દરેક વ્યક્તિએ મહામારીના પ્રતિસાદમાં પોતાની ભૂમિકા ભજવવાની રહેશે, અને તેમને કોઈને કોઈ રીતે તેની અસર થશે, અને એટલા માટે તેમણેઃ

- મહામારી માટેના આયોજનમાં, તેના પ્રતિસાદમાં અને તેને પહોંચી વળવા માટે એકબીજાં સાથે મળીને કામ કરવું જોઈએ અને એકબીજાંને ટેકો આપવો જોઈએ
- આપણાં નેટવર્કો અને સમાજોને તેમના પ્રતિસાદોને સશક્ત બનાવવા અને ઊભી થતી જરૂરતો પૂરી કરવા માટે ટેકો આપવો જોઈએ - દાખલા તરીકે પાડોશીઓ, મિત્રો અને કુટુંબીજનોને મદદ કરીને અને સંભાળ પૂરી પાડીને
- પોતાનાં વર્તનો અને નિર્ણયો અને બીજાં પર તેની કેવી અસર પડી શકે તેના પ્રતિ સભાનતા રાખવી જોઈએ
- આપણા પોતાના અનુભવોમાંથી શીખેલી બાબતો જે બીજાંને મદદ કરી શકે તેમ હોય તેની આપ-લે કરવી જોઈએ.

© ક્રાઉન કોપીરાઇટ 2020

GOV.UK માટે માત્ર pdf સ્વરૂપમાં પ્રકાશિત

[ચીફ સોશિયલ વર્કરની ઓફિસ]

www.gov.uk/dhsc

જ્યાં બીજી કોઈ સ્પષ્ટતા ન કરવામાં આવી હોય ત્યાં આ પ્રકાશનને Open Government Licence v3.0ની શરતો હેઠળ લાઈસન્સ પ્રાપ્ત છે. આ લાઈસન્સ જોવા માટે, જુઓ nationalarchives.gov.uk/doc/open-government-licence/version/3

જ્યાં અમે કોઈ ત્રાહિત પક્ષની કૉપિરાઇટ માહિતી ઓળખી હોય, ત્યાં તમારે સંબંધિત કૉપિરાઇટ ધારકોની પરવાનગી મેળવવી પડશે.

OGL